# ચૂંટણી અધિકારી ધી વરાછા કો-ઓપરેટીવ બેંક લી., અને કલેકટર,સુરત

સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી દફતર, બી-૩, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત-૩૯૫૦૦૧

**Ph. No. :0261-2652135 Fax No.0261-2655757 E-Mail : collector-sur@gujarat.gov.in**


=================================================================

નં.ઇએલસી/વરાછા બેંક/ચૂંટણી કાર્યક્રમ/૨૦૨૬-૨૭ તા. /03/૨૦૨૬

**ધી વરાછા કો-ઓપરેટીવ બેંક લી માટે સંચાલક મંડળના સભ્યોની ચૂંટણી**
**વર્ષ-૨૦૨૫-૨૬ અંતર્ગત ખાસ સામાન્ય સભાની નોટિસ**

આથી બેંકના તમામ સભાસદોને જણાવવાનું કે, ધી વરાછા કો-ઓપરેટીવ બેંક લી.,સુરતના સભાસદોની ખાસ સામાન્ય સભા તા.૧૪/૦૪/૨૦૨૬ ના રોજ સવારે.૯-૩૦ કલાકથી પુર્ણ થાય ત્યાં સુધી ધી વરાછા કો-ઓપરેટીવ બેંક લી.,સહકાર ભવન,કક્ષો માળ ઓડીટીરીયમ,રૂષિકેશ ટાઉનશીપ સામે વ્રજ ચોક નજીક,સુરત ખાતે મળશે. જેમાં વર્ષ-૨૦૨૬-૨૦૩૧ ના સમયગાળા માટે બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની વરણી કરવામાં આવશે. બેંકના તમામ સભાસદોને ઉપરોકત સભામાં હાજર રહેવા વિનંતી છે.

બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણીનું મતદાન તા.૦૫-એપ્રિલ- ૨૦૨૬ ના રોજ નિર્ધારિત કરવામાં આવેલ છે.

| અ.નં. | વિષય | વિષયવાર માહિતી |
|---|---|---|
| ૧ | ચૂંટણી દ્વારા ભરવાની થતી ખાલી જગ્યાઓની સંખ્યા | કુલ બેઠકો – ૧૫ (બિનઅનામત-૧૨, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ-૦૧, મહિલા-૦૨) |
| ૨ | મતદારક્ષેત્રનો વિસ્તાર (પેટા-કાયદામાં દર્શાવ્યા પ્રમાણે) જયાંથી સભ્યોને ચુંટવાના હોય છે. | લાગુ પડતું નથી. |
| ૩ | બોર્ડમાં સભ્યપદ માટેની લાયકાત, બેંકના પેટા કાયદામાં દર્શાવ્યા પ્રમાણે | લાગુ પડતું નથી. * |
| ૪ | ચૂંટણી અધિકારીશ્રીનું નામ | સૌરભ પારધી. (આઇ.એ.એસ.)<br>કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત |
| ૫ | સભાસદો દ્વારા ઉમેદવારી પત્ર ભરવાનો સમય, તારીખ અને સ્થળ | ૧૬-માર્ચ, ૨૦૨૬ થી ૨૦-માર્ચ-૨૦૨૬<br>સવારે ૧૧:૦૦ થી સાંજના ૦૩:૦૦ કલાક સુધી<br>મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને સીટીપ્રાંત (દક્ષિણ)મજૂરા, સુરતની કચેરી,<br>ઠે.એ/૨,જીલ્લા સેવાસદન-૨,અઠવાલાઇન્સ,સુરત |
| ૬ | ઉમેદવારી પત્રોની ચકાસણીનો સમય, તારીખ અને સ્થળ | ૨૩ મી માર્ચ ૨૦૨૬ )સોમવાર(<br>સવારે ૧૧:૦૦ થી સાંજના ૦૩:૦૦ કલાક સુધી<br>મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને સીટીપ્રાંત (દક્ષિણ) મજૂરા,સુરતની કચેરી, ઠે.એ/૨,જીલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ, સુરત |
| ૭ | મતદાન (જો જરૂરી હોય તો) સમય, તારીખ અને કયા સ્થળો પર યોજાશે. | તા.૫-એપ્રિલ-૨૦૨૬ (રવિવાર) ના રોજ સવારે ૦૮:૦૦ થી સાંજના ૦૪:૦૦ કલાક સુધી સભાસદ મતદાન કરી શકશે. |

* બેંકના પેટા કાયદામાં કોઇ લાયકાત દર્શાવેલ નથી પરંતુ ઉમેદવાર ગેરલાયક ઠરી શકે તે વિશે બેંકના પેટા કાયદા નં.૪૦ માં વિગતો દર્શાવેલ છે.

<u>સુચનાઓ</u> :-

- સભાસદોને બેંક દ્વારા જારી કરાયેલા સભાસદ ઓળખપત્ર રજૂ કર્યા બાદ જ મત આપવા તથા ખાસ સામાન્ય સભામાં પ્રવેશ આપવામાં આવશે.
- ચૂંટણી લડનારા ઉમેદવારો ધી મલ્ટિ સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એકટ, ૨૦૦૨ તે હેઠળના નિયમો અને બેંકના પેટા કાયદા મુજબ કોઇ ગેરલાયકાત ધરાવતા ન હોવા જોઇએ.
- ચૂંટણી અંગેનો કાર્યક્રમ બેંકના ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી તેમજ બેંકની મુખ્ય (વડી) કચેરી, બેંકની તમામ શાખાઓના નોટીસ બોર્ડ ઉપર તેમજ બેંકની વેબસાઇટ ઉપર પ્રકાશિત થયેલ છે.
- ધી મલ્ટિ સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એકટ,૨૦૦૨, તે હેઠળના નિયમો અને બેંકના પેટા-કાયદાની નકલ સભાસદો માટે, બેંકના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને નાયબ કલેકટર સીટીપ્રાંત(દક્ષિણ) મજૂરા,સુરતની કચેરી, ઠે.એ/૨, જીલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ, સુરત તેમજ બેંકની મુખ્ય (વડી) કચેરી, ધી વરાછા કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, સુરત, સહકાર ભવન, રૂષિકેષ ટાઉનશીપની સામે, રથાણા જકાતનાકા, વરાછા રોડ, સુરત ખાતે નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.
- બેંકના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને નાયબ કલેકટર સીટીપ્રાંત(દક્ષિણ) મજૂરા,સુરતની કચેરી, ઠે.એ/૨, જીલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ, સુરત ખાતે ઉમેદવારી પત્ર (ફોર્મ) અને તે સબંધિત અન્ય ફોર્મ ઉપલબ્ધ રહેશે તેમજ ઉમેદવારી પત્ર (ફોર્મ) મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરીએ જ આપવાનું રહેશે.
- ઉમેદવારે ઉમેદવારી ફોર્મ રજુ કરતી વખતે જ રૂ.૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર (માત્ર રોકડ દ્વારા) રીફંડેબલ ફી જમા કરાવવાની રહેશે. (નામાંકન રદ થવા, નામાંકન પાછું ખેંચતા, બિનહરીફ ચૂંટણીની જાહેરાત કે ચૂંટણી વખતે કરવામાં આવેલ કુલ મતના ઓછામાં ઓછા દસ ટકા મત પ્રાપ્ત થવા પર ફી રીફંડને આધીન રહેશે.)
- મતદારોની આખરી યાદી મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની કચેરી, બેંકની મુખ્ય (વડી) કચેરી અને બેંકની તમામ શાખાઓમાં નિ:શુલ્ક (રવિવાર અને જાહેર રજાઓ સિવાય) નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે. બેંકના સભાસદોની યાદીની સોફટ કોપી રૂ.૧૫૦૦/- ની ચુકવણી પર પેન ડ્રાઇવમાં ઉપલબ્ધ થશે.તથા પ્રિન્ટેડ યાદી મેળવવા માટે દરેક પેઇઝ દીઠ રૂ.૦૨/- ની ચૂકવણી પર મતદાર સભાસદોની પ્રકાશિત યાદી ઉપલબ્ધ થશે. (કોઇપણ વિવાદના કિસ્સામાં પ્રકાશિત થયેલ જાહેર મતદાર યાદી અધિકૃત ગણાશે.)

ઉપર જણાવેલ કેટેગરી (વર્ગ) માંથી કુલ-૧૫ (પંદર) સંચાલકની ચૂંટણી માટે મતદાન (જો જરૂરીયાત હોય તો તો) તા.૦૫ મી એપ્રિલ-૨૦૨૬ (રવિવાર) ના રોજ સવારે ૦૮-૦૦ થી સાંજના ૦૪-૦૦ કલાક દરમ્યાન યોજાશે.

સ્થળ : સુરત

તારીખ :૦૭/03/૨૦૨૬

( ડો.સૌરભ પારધી )

ચૂંટણી અધિકારી

ધી વરાછા કો-ઓપરેટીવ બેંક લી.

અને કલેકટર, સુરત